**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૨૬ ડિસેંબર ૨૦૦૮**

**મુંબઈ,શુક્રવાર :** મુંબઈ પર થયેલ હુમલાને એક મહિનો પુરો થયાની પાર્શ્વભૂમિ પર આ હુમલામાં વીરગતી પામેલાં પોલીસ અને લશ્કરી અધિકારી,કર્મચારી તેમજ નિર્દોષ નાગરિકો ને શ્રધ્ધાંજલી અર્પણ કરવા મહારાષ્ટ્રના ખૂણેખૂણે થી લગભગ ૪૦ વસાહતો માંથી ૪૦૦ થી યે વધુ કુષ્ઠપીડિત મહિલા અને પુરૂષ 'મહારાષ્ટ્ર કુષ્ઠપીડિત સંગઠન' ના આવાહન્ ને પ્રતિસાદ આપી ઐકઠાં થયાં હતાં.

કુષ્ઠપીડિતોની માગણીઓ નો અનેક વર્ષોથી સરકાર પાસે પત્રવ્યવહાર કરનારાં માજી કેંદ્રીય પ્રધાન શ્રી રામ નાઈક આ કાર્યક્રમમાં પ્રમુખ અતિથીની રૂએ ઉપસ્થિત રહ્યાં હતાં."તન થી ભલે અપંગ હોય, પરંતુ મનથી રાષ્ટ્રભાવના થી ભરેલાં છે",આ મુજબનાં શબ્દો વડે એકઠાં થયેલ સઘળાં કુષ્ઠપીડિત ભાઈ-બહેનોની પ્રશંસા કરતાં તેઓ આગળ બોલ્યાં હતાં કે,"આ ભાઈઓએ આ કાર્ય દ્વારા સર્વેને રાષ્ટ્રપ્રેમનો દાખલો શીખવેલ છે".આપ્રસંગે બોલતાં આ અનુકરણીય કાર્યક્રમ માટે ગેટવે ઑફ ઈંડિયા ના સ્થળે પરવાનગી ન આપવા બદલ પોલીસ ના નિર્ણય સંબંધે ખંત વ્યકત કર્યો હતો.એ સિવાય કુષ્ઠપીડિતો ના વિકાસ માટે આજીવન પ્રયત્ન કરનારાં સ્વર્ગીય બાબા આમટે ને પણ તેમની જન્મજયંતી નિમિત્તે આદરાંજલી અર્પણ કરી હતી.

મહારાષ્ટ્ર કુષ્ઠપીડિત સંગઠનના અધ્યક્ષ શ્રી પ્રકાશ કુલકર્ણી એ સંગઠનનાં આવાહન્ ને પ્રતિસાદ આપી બહોળી સંખ્યામાં આવ્યાં બદલ સર્વેને ધન્યવાદ આપ્યાં હતાં.કુષ્ઠપીડિતો માટે કામ કરનારાં જયેષ્ઠ કાર્યકર શ્રી ભીમરાવ મધાળે(બોરીવલી),ડૉ. ઉદયઠાકર (પનવેલ), શ્રીમતીઅહિલ્યાબાઈ કુડનુર(અંબરનાથ),વત્સલાબાઈ સંગીત(દાપોડી),સર્વશ્રી શાંતારામ ભોઈર (થાણા), યદુનાથ ગાયકવાડ (દાપોડી), બળીરામ તાંબડે(તુર્ભે),શશિકાંત દેસાઈ(થાણા),પન્નલાલ નિકમ(પૂના) ના પણ ભાષણો થયાં હતાં.સૂત્રસંચાલન સચિવ શ્રી ભૂપાલ ફિરગાણે (કલ્યાણ) એ કર્યું હતું.

**(કાર્યાલય મંત્રી)**